ગ્રાન્ટ ઈન એઈડ શૈક્ષણિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર અથવા કોમ્પીટન્ટ ઓથોરીટીની પૂર્વ મંજુરી સિવાય નિમણૂંક નહિ કરવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૨૯૮-૨૮૩૫-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 6 OCT 1998

વંચાણે લીધો :- એસસીએ-૩૪૯૧-૮૫ ઉપરના નામદાર હાઈકોર્ટનો તા. ૮-૧૦-'૯૭નો ચૂકાદો.

ઠરાવ :-

નામદાર હાઈકોર્ટના ઉપરોક્ત ચુકાદામાં શ્રીમતી વીણાબેન કે. દવેનો ભાવનગર જિલ્લામાં મંદબુધ્ધિના બાળકો માટેની શાળામાં નિયત ઉંમરથી (૫૮ વર્ષ) વધારે ઉંમર હોવા છતાં નોકરીમાં લેવાયા હતા. અને તેમને સરકારે મંજુરી ન આપતાં ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાએ નોકરીમાંથી છુટા કર્યા છે. તેથી તેઓએ નામદાર હાઈકોર્ટમાં ઉપરોક્ત દિવાની અરજી અન્વયે દાદ માંગેલ છે. તેના સંદર્ભમાં તા. ૮-૧૦-'૯૭ના ચુકાદા અન્વયે નામદાર હાઈકોર્ટે વિભાગને એવી સૂચના આપેલ છે કે ગ્રાન્ટ ઈન એઈડ કોડ અન્વયે સરકારી સહાય લેતી તમામ શૈક્ષણિક સંસ્થાઓએ રાજ્ય સરકાર અથવા કોમ્પીટન્ટ ઓથોરીટીની પૂર્વ મંજુરી સિવાય શૈક્ષણિક કે બિન શૈક્ષણિક જગ્યાઓ ઉપર કોઈ નિમણૂંક કરવી નહિ. તેવી સૂચના સંબંધિતોને આપવી.

આ અંગે પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે રાજ્યમાં આર્થિક સહાયક અનુદાન મેળવતી તમામ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચ માધ્યમિક શાળાઓ, કોલેજો, સંસ્કૃત પાઠશાળા, સંગીત વિદ્યાલય વગેરેમાં શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક જગ્યાઓ ઉપર કોઈપણ નિમણૂંક રાજ્ય સરકાર કે તેના સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી સિવાય અમલમાં લાવી શકાશે નહિ. આથી આવી જગ્યાઓ ઉપર પસંદગી પામેલ ઉમેદવારો રાજ્ય સરકાર/ સક્ષમ અધિકારીની મંજુરી પછી જ જગ્યા ઉપર હાજર કરવાના રહેશે. સક્ષમ અધિકારીએ પણ આવી નિમણૂંકને સંસ્થા તરફથી દરખાસ્ત મળ્યાના સાત દિવસમાં બહાલી આપવાની રહેશે.

આ અંગે તેટલા અંશે સંબંધિત ગ્રાન્ટ ઈન એઈડ કોડ તથા સંબંધિત અધિનિયમ/ વિનિયમોમાં સુધારો કરવાનો રહેશે.

ગંગાસિંહ પરમાર
અધિક સચિવ,
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રી સચિવશ્રી.